શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ




જુલાઈ- ૨૦૧૫
અંક - ૭
વર્ષ : ૫૩
સળંગઅંક : ૪૨૧
માસિક કિંમત - ૧૦/-
વાર્ષિક લવાજમ - ૧૦૦/-



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# હાર્દિક અભિનંદન....



**ચિ. દક્ષેશ ઈશ્વરભાઈ પંચોલી**

M.Tech(Structure), B.E.(Civil)

જન્મ તા. ૧૫.૦૭.૧૯૯૦ ઉંચાઈ : ૫'૬''

જન્માક્ષરમાં માને છે.

સર્વિસ : Hive Consultancy-Surat

**૯૦ % સાથે ઉર્તિણ થઈ અમારું ગૌરવ વધાર્યુ છે...**
**ચિ. દક્ષેશ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કે એવી**
**અમારા સૌની હાર્દિક શુભેચ્છાઓ સહ શુભાશિષ....**

**સ્વ. અમ્રતલાલ ભીખાભાઈ પંચોલી**
**ગં.સ્વ. શાંતાબેન અમ્રતલાલ પંચોલી**
**શ્રી ઈશ્વરભાઈ અમ્રતલાલ પંચોલી** **શ્રીમતિ જ્યોતિબેન ઈશ્વરભાઈ પંચોલી**
**શ્રીમતિ હેતા અમરકુમાર પંચોલી-લેસ્ટર** **શ્રી અમરકુમાર સુમનભાઈ પંચોલી-લેસ્ટર**

૫-૬, સારસ્વતનગર સોસાયટી, લેકવ્યુ ગાર્ડનરોડ, પીપલોદ જકાતનાકા પાસે, વેસુ, સુરત.
મો. ૯૮૯૮૪ ૧૭૩૬૩

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ
## જુલાઈ-૨૦૧૫

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત** – **૧૦/-**
**વાર્ષિક લવાજમ** – **૧૦૦/-**

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

અસહ્ય ગરમી વચ્ચે વરસાદની ધુઆધાર બેટીંગ અને બધે જ જળબંબાકાર... મન મૂકીને મેઘો વરસ્યો... સર્વત્ર વરસાદ... વરસાદ..વરસાદ...

વિદ્યાર્થીનો નવા સત્રમાં પ્રવેશ કર્યો છે... પ્રેમથી.. ખંતથી અને મન મૂકીને ભણજો... જીવનમાં ભણતર બહુ જ ઉપયોગી છે.. ભણતર વગર કોઈ દિશા નથી...

વડોદરા મુકામે તા. ૨૬.૭.૨૦૧૫ના રોજ મહામંડળની સામાન્ય સભા રાખવામાં આવી છે.. (સ્થળ અને સમય આ નવયુગમાં આપવામાં આવ્યા છે) વધુમાં વધુ સંખ્યામાં દરેક એકમમાંથી પોઝેટીવ વિચારો સાથે પધારજો... સમાજને આપણે કઈ રીતે ઉપયોગી બની શકીએ... જ્ઞાતિજનોને, વિધવા-નિરાધારોને અને આર્થિક રીતે ન ભણી શકનાર વિદ્યાર્થીઓ માટે શું શું કરી શકીએ..? આવા વિચારો સાથે મહિલા મંડળના સભ્યો, યુવા શકિત તો જરૂરથી પધારે... કારણ નવા માણસો.. નવા વિચારો.. જુદા જુદા વિચારો... સૌનો સમન્વય એટલે સમાજની પ્રગતિ.. સમાજને વિચારોની આપ-લે કરી એનો અમલ બરાબર કરી આપણે ૨૦૨૦માં વાયબ્રન્ટ સમાજ બનાવવાનો છે... વાયબ્રન્ટ સમાજ એટલે આપણો વિકાસ - પંચોલી સમાજનો વિકાસ...

આ વર્ષે અભિનંદન ટાયટલ હેઠળ ધો. ૫ના વિદ્યાર્થી બારડોલીના ઓમ જેસલ મિસ્ત્રી નો ફોટો છાપવામાં આવ્યો છે.. ધો. ૫માં એ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થયા છે.. એમના માતા-પિતાએ એને પ્રોત્સાહિત કરવા નવયુગમાં જણાવ્યા મુજબ રૂા. ૧૫૦ આપી ફોટો છપાવ્યો છે... અભિનંદન.. આપણે પણ આપણાં સર્કલમાં કહીએ મારો પુત્ર-પુત્રી 'એ' પ્લસ આવ્યો.. આટલા ટકા આવ્યા.. પરંતુ આ સમાચાર સર્કલ પુરતા મર્યાદિત છે.. જ્યારે નવયુગમાં છપાવવાથી સમગ્ર પંચોલી સમાજ, સગાવ્હાલા વિગેરેને જાણ કરી શકો છો... તો આપણે પણ આપણાં બાળકોને પ્રોત્સાહિત કરવા નવયુગમાં ફોટો છપાવીએ..આશા રાખું છું કે આ બાબતમાં માતા-પિતા જરૂરથી પોઝેટીવ વિચારી નવયુગમાં ફોટો અવશ્ય છપાવશે... એજ.... 'વિના સહકાર.... નહિ ઉદ્ધાર'

દિનેશભાઈ એમ. મિસ્ત્રી
તંત્રી-પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

વ્હાલા જ્ઞાતિજનો,

ગરમીની સિઝન માંથી પ્રસાર થઇ વરસાદ ઋતુ નો આનંદ આપણે સૌ માણી રહયા છીએ. પ્રભુને પ્રાર્થના કરીએ કે, ચાલુ વર્ષ પૂરતા પ્રમાણમાં જરૂરિયાત મુજબનો વરસાદ કોઇપણ વિધ્ન વિના પડે.

વિધાર્થી મિત્રો વેકેશનની મઝા માણી ફરી પાછા પોતાનાં અભ્યાસમાં જોડાયા હશો. કેટલાક મિત્રો પોતાની કારકિર્દી બનાવવા અવનવા ક્ષેત્રમાં જવા માટેની તૈયારી કરી રહયા હશે, સૌ વિધાર્થી મિત્રોને વિનંતી કે, આપ સૌ અભ્યાસમાં પૂરતુ ઘ્યાન આપી અભ્યાસ કરશો અને એક લક્ષ્ય રાખશો કે મારે શુ કરવું છે ?, શું બનવું છે ?.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા સ્વર્ણિમ ફંડની રચના કરવામાં આવી, જે એકમો માંથી બિલકુલ આ ફંડમાં દાતાઓ મળ્યા નથી તેવા એકમોનાં હોદ્દેદારો તથા જ્ઞાતિજનોને સહાય માટે ફકત રૂા. ૧,૦૦૦/- વર્ષમાં એકવાર આપવાના છે, આપણી આ સહાય માંથી ઘણા જ્ઞાતિજનોને મદદરૂપ થઇ શકીશુ. તો આશા રાખુ છું કે તમારા દ્વારા ફાળાની રકમ સત્વરે મોકલશો અથવા બેંક ઓફ બરોડા, વ્યારા શાખા માં 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સેવિંગ્સ એકાઉન્ટ નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX નાં ખાતામાં જમા કરાવી જાણ કરશો. જે દાતાઓના બીજા વર્ષમાં ફાળાની રકમ જમા કરાવવાની બાકી છે તેઓ પણ સત્વરે આ એકાઉન્ટ માં રકમ જમા કરાવી જાણ કરશો.

સમાજ સુરક્ષા યોજનાનાં સભ્યોને પણ વિનંતી કે, આપણા ફાળાની રકમ જમા કરાવવાની બાકી હોય તો સત્વરે સમાજ સુરક્ષા યોજનાનાં મંત્રીશ્રી નવિનભાઇ સી.પંચોલી વ્યારા ને મોકલશો.

યુ.કે.નાં શ્રી અનંતભાઇ હિમાંશુભાઇ ગજ્જર તરફથી મધર ડે નિમિતે તેમના માતૃશ્રી સ્વ. ઉષાબેન અને દાદી સ્વ. લક્ષ્મીબેન ગજ્જરની સ્મૃતિમાં સમાજની સહાય લેનાર વિધવા બહેનો આર્થિક રીતે પગભર થાય અને પોતાનું જીવન નિર્વાહ ચલાવી શકે એ માટે પાંચ સિવણ મશીન આપવાની જાહેરાત કરી છે જે બહેનોને સિવણ આવડતું હોય અને કામ કરી શકે તેવી સ્થિતિમાં હોય તેઓએ એકમ મારફત ગત નવયુગનાં અંકમાં આવેલ ફોર્મ ભરી મોકલવા વિનંતી કરૂ છુ. ફરી હું આ યોજનામાં સહાયરૂપ થનાર ગજ્જર ફેમીલીનાં ભાઇશ્રી અનંતભાઇ હિમાંશુકુમાર ગજ્જર તથા ફેમીલીનો હાર્દિક આભાર માનું છું.

મહામંડળની સામાન્ય સભા વડોદરા મુકામે તા. ૨૬.૦૭.૨૦૧૫ને રવિવારનાં રોજ આયોજન કરવામાં આવેલ છે તેમાં દરેક એકમો માંથી હોદ્દેદારો, મહિલા મંડળનાં હોદ્દેદારો તથા સ્વયંમ ગૃપનાં હોદ્દેદારો ઉપસ્થિત રહે એવી આશા રાખુ છું. આપણે સૌ ખૂબ જ પોઝેટીવ વિચારો સાથે પધારીએ..સમાજને હવે પછીના ૧૦ વર્ષમાં કયાં લઇ જવો છે..? આપણે આપણાં સમાજની મહિલા માટે, યુવક-યુવતિઓ માટે શું કરી શકીએ..? વિધવા-નિરાધારના આધાર કેવી રીતે બની શકીએ..? વગેરે અંગે આપ તમારા સુચનો સાથે પધારશો.. સમાજના કાર્યકરો પર આક્ષેપ-પ્રતિઆક્ષેપમાં વ્યર્થ ચર્ચા કરી સમાજમાં પગલાં પાડી રહેલાં સ્વયંના સભ્યો - નવા યુવકોને સમાજથી દૂર કરવા માટે નિમિત્ત ન બનીએ.. કાર્યકરોનો ઉત્સાહ ઓછો ન કરવાને બદલે તેઓ પ્રોત્સાહિત થાય એવી ચર્ચા કરીએ.. તો BE POSITIVE" પાલ વિભાગના વધુને વધુ સભ્યો હાજરી આપે એવી આશા રાખું છું. ચાલો આપણે હવે વડોદરા મુકામે મહામંડળની સમાન્ય સભામાં મોટી સંખ્યામાં પધારીશું....અને મળીશુ....

અસ્તુ.

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા
'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c
પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની
શાખામાં ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

નવયુગ શુભચિંતક શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી નવસારી શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી બિલીમોરા

સત્કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



**સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી**
**જન્મ તા. ૨.03.૧૯૫૨–આફ્રિકા–નૈરોબી**
**દેહવિલય : ૧૭.૧૨.૨013**

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મીઠીવાણી હંમેશા યાદ રહેશે,
દેહ ભલે અદ્દશ્ય થયો હોય પરંતુ તમારી યાદ સદાય અમારી સાથે રહેશે..
સદ્ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું શાશ્વત સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઇ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી
શ્રી યોગેશભાઇ હરકિશનદાસ પંચોલી

શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

## પ્રથમ પૂણ્યતિથિએ હૃદયાંજલી



### સ્વ. જતીન દિનેશચંદ્ર પંચોલી

જન્મ : તા. ૧૧.૧૨.૧૯૮૦ સ્વર્ગવાસ : તા. ૨૨.૬.૨૦૧૪

દિવસો વિત્યા, મહિના વિત્યા અને
વર્ષ પણ વીતી ગયું...
હવે ફકત તમારી યાદો રહી....તસ્વીર રહી...
જીવનમાં અમો એકલા અટુલા રહી ગયા....
પ્રભુ તમારા આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના...

ગં.સ્વ. કમળાબેન રમણલાલ પંચોલી
શ્રી શંકરભાઇ રમણલાલ પંચોલી
શ્રીમતિ ઉર્મિલાબેન શંકરભાઇ પંચોલી
ચિ. લેશા શંકરભાઇ પંચોલી
ચિ. ચિરાગ શંકરભાઇ પંચોલી

મુ.પો. પાનવડ, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર
મો. : ૯૦૯૯૭ ૭૯૯૯૯

ગં.સ્વ. મંજુલાબેન દિનેશચંદ્ર પંચોલી
ગં.સ્વ. મિત્તલબેન જતીનભાઇ પંચોલી
ચિ. આધ્યા જતીનભાઇ પંચોલી
વ્યારા

## દ્વિતીય પૂણ્યતિથિએ હૃદયાંજલી



### સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી

જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩
અષાઢ સુદ એકમ

તમારા વિના સૂનું આ આંગણું,
તમારા વિના આ સૂનું આ ઘર,
મહેકતા અને ચહેકતા તમારા અવાજથી
નિરંતર ધબકતું રહેતું ઘર
પળે પળ વર્તાય છે તમારી ઉણપ,
સૂનું થયું, વેરાન થયું
તમારી હયાતી વિના આ ઘર.....
દ્વિતીય પૂણ્યતિથિએ પ્રભુ આપના આત્માને
ચિરઃશાંતિ અર્પે એજ અમારી હૃદયાંજલી...

**અર્પણકર્તા**


ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઇ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઇ પંચોલી
ચિ. ચૈતાલી નંદકિશોરભાઇ પંચોલી

૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨

# Saadi.Com



| | | |
|---|---|---|
| Name | : | **Shrenik** - Mo. : 098201 67226 |
| Father | : | Jayeshbhai Somabhai Mehta |
| Mother | : | Late Anjanaben / Hemaben |
| Birth Date | : | 19.04.1989 Time : 13.45 |
| Birth place | : | Surat Hight : 5'.7" |
| Built | : | Slim |
| Education | : | B.Tech(Electronics) |
| Employment | : | Cognizant Technology Solution as Associats at their Powal office. |
| Salary | : | Rs. 7,00,000/- P.A |
| Sister | : | studying in 2nd year of Physiotherapy Degree course at pravra Medical Institute, Loni |
| Hobbies | : | Reading Books, Football, Cricket, Tennis, Chess etc. |
| Eating Habits | : | Vegetarian |
| Mangal | : | very mild.. |
| Address | : | 302, 3-C, Shiddhivinayak Society, "Ashanagar" Opp. Western Exp. Highway, Kandivali (E) Mumbai-400 066 |
| Ph. | : | 022-28542287 |



75th

**Birthday**

જન્મદિન : ૧૭.૦૫.૧૯૪૧

જય પંચોલી • પ્રેમીલા પંચોલી

• મનન પંચોલી • પલક પંચોલી •

મોબાઈલ : ૯૮૨૪૩૧૦૮૮૨

નીરજ પંચોલી • રૂપલ પંચોલી

• ચિ. નિસર્ગ •


જય કોમ્યુનિકેશન

ડિજીટલ ગ્રાફિક ડિઝાઈન યુનિટ

'નીરજ' ૫, હેમધ્રુવ સોસાયટી, કાલુપુર બેંક સામે, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

ફોન : ૦૭૯ - ૨૬૬૧૪૬૭૮

મોબાઈલ : ૯૮૨૪૦ ૯૩૩૪૭

## દશમી પૂણ્યતિથિએ હાર્દિક હૃદયાંજલિ..



### સ્વ. કાંતિલાલ મણીલાલ પંચોલી

જન્મ : ૨૨ : ૦૩ : ૧૯૪૫ સ્વર્ગવાસ : ૦૫ : ૦૭ : ૨૦૦૫

સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડ્યું નહી, ધુપસળીની માફક જીવન જીવી સુગંધ ફેલાવી,
આપના અથાક પરિશ્રમે અમારા જીવન ઉજાળ્યા, જીવનભર મહેનત કરી દુઃખના દરિયા વેઠી,
સૌને સુખ સાગરમાં તરતાં મૂકી ગયા....
આપના મિલનસાર અને નિખાલસ સ્વભાવનો અમૂલ્ય વારસો અમે કદી ભુલી શકીએ તેમ નથી,
તમારો નિઃસ્વાર્થ પ્રેમ યાદ કરતા આંખો અશ્રુ સારે છે......
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી
દશમી પૂણ્યતિથિએ અમારા સૌની પ્રાર્થના સહ હૃદયાંજલી....

### અર્પણકર્તા

ગં.સ્વ. શોભનાબેન કાંતિલાલ પંચોલી

શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી
શ્રીમતિ અપેક્ષા ફાગુન પંચોલી
ચિ. વિધિ ફાગુન પંચોલી
ચિ. જશ ફાગુન પંચોલી
કાંદીવલી(ઈસ્ટ) મુંબઈ

શ્રી મનિષ કાંતિલાલ પંચોલી
શ્રીમતિ કેતના મનિષ પંચોલી
ચિ. સાગર મનિષ પંચોલી
.......
અલંકાર-મુંબઈ

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ દ્વારા સંચાલિત અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા આયોજીત

# પંચોલી પ્રીમીયર લીગ(પી.પી.એલ)



યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે તા. ૩૧.૦૫.૨૦૧૫ ના રોજ 'પંચોલી પ્રીમીયર લીગ' (PPL)નું આયોજન મીરારોડ -શાંતિનગર સેક્ટર નં. ૧૦ના મેદાન પર કરવામાં આવ્યું હતું.

(PPL) માટે ચાર ટીમો બનાવવામાં આવી હતી. શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈના ઈતિહાસમાં પ્રથમવાર જ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ભાગ લેના ટીમ
કલ્પેશ સુપર કિંગ્સ (KSK) પ્રતિક ચેલેન્જર્સ (PC)
વિશાલ વેરીયર્સ (VW) પરાગ ડેર ડેવીલ્સ (PDD)

દરેક ટીમમાં એક બાળક, બે યુવતીઓ અને યુવકો મળીને કુલ ૧૨ સભ્યો હતાં. નિર્ધારીત દિવસે સવારે ૮ કલાકે સૌ રમતવીરો પોતપોતાની ટીમના નક્કી થયેલ પોષાકમાં (કલરફુલ શૂઝ, સ્પોટર્સ ટી-શર્ટ અને કેપ) પહેરી સજ્જ હતાં. સૌ પ્રથમ રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમનો શુભારંભ કર્યો. આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલકુમાર મિસ્ત્રી તથા કારોબારી સભ્યો સહિત શ્રીફળ વધેરી ગણેશવંદના કરી કાર્યક્રમનો દોર શ્રી પરાગભાઈ મિસ્ત્રી તથા શ્રી વિશાલભાઈને સોપ્યો. ઇડલી-મેંદુવડા અને ચ્હાના નાસ્તાને ન્યાય આપી રમતના નિયમો જણાવવામાં આવ્યા.

પ્રથમ મેચનો ટોસ "PC" એ જીત્યો. ૮ ઓવરની મેચમાં ૨૭ રનનો ટાર્ગેટ લીધો હતો. અને "PDD" સામેની આ મેચ "PC" એ જીતી ફાયનલમાં એન્ટ્રી મેળવી હતી.

બીજી મેચ "VW" અને "KSK" વચ્ચે રમાઈ. "KSK" એ ટોસ જીતી પહલા બોલીંગ કરવાનો નિર્ણય લીધો હતો. "VW" એ આ મેચમાં ૬૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ મેચમાં "KSK" ટીમની મહિલા રમતવીર કુ. કશ્વી રાહુલ મિસ્ત્રી એકમાત્ર રમતવીર રહ્યા કે જેમણે રનમાં ભાગીદારી નોંધાવી હતી. "VW" એ મેચ જીતી ફાઇનલમાં એન્ટ્રી મેળવી હતી. ત્યારબાદ બ્રેકમાં ભોજનો આનંદ માણી ફરી મેચનો દોર શરૂ કર્યો હતો.

ત્રીજી મેચ ત્રીજા સ્થાન માટે "PPD" અને "KSK" વચ્ચે રમાઈ. "PDD" એ ટોસ જીતી ૫૦ રનનો ટાર્ગેટ આપ્યો. જેમાં ૧૦ વર્ષના ચિ. વીકી કૌશલ મિસ્ત્રીએ સુંદર બેટીંગ કરી હતી. "KSK"ની ટીમે આ ટાર્ગેટ પુરો કરી "PDD" સામે જીત મેળવી હતી. અને "PPL"માં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી લીધુ હતું. જેમાં ૯ વર્ષના ચિ. કરણ કલ્પેશ મિસ્ત્રી જેઓ "KSK" ટીમના યંગ પ્લેયર હતા. તેઓએ આ મેચ જીતવામાં ખૂબ જ અગત્યનો ફાળો નોંધાવ્યો હતો.

ફાયનલ મેચ "VW" અને "PC" વચ્ચે રમાઈ. "VW" ટીમે ટોસ જીતી ૩૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો. સૌની આતુરતા અને રસાકસી ભરી મેચમાં "PC" ટીમે આ ફાયનલ મેચ જીતી લીધી હતી.

સમગ્ર મેચ દરમ્યાન દર્શકોએ સૌ રમતવીરોને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું અને સમાજની નાની ભુલકી કુ. નિધિ કલ્પેશ મિસ્ત્રી-૧૨વર્ષ, કુ. નિકી જીતેન્દ્ર મિસ્ત્રી-૯વર્ષ અને કુ. રીયા કેતન પંચોલી-૭ વર્ષ જેમણે "CHEER LEADER" ની ભૂમિકા ભવજી ખૂબ જ આનંદ માણ્યો હતો.

ઇનામ વિતરણ માટે ડાયસ પર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી, આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલકુમાર મિસ્ત્રી, શ્રી ભાવિકકુમાર મોહનલાલ કાપડિયા, પંચોલી સેવા સમાજના મંત્રી શ્રી પરાગભાઈ નવિનચંદ્ર મિસ્ત્રી અને સહમંત્રી શ્રી વિશાલ કમલભાઈ કાપડિયા બીરાજમાન હતા. થર્ડ રનર અપ ટ્રોફી "PDD" ની ટીમને શ્રી પ્રદિપભાઈ મિસ્ત્રીના વરદ હસ્તે આપવામાં આવી. સેકન્ડ રનરઅપ ટ્રોફી "KSK"ની ટીમને શ્રી જયંતિભાઈ ગોવિંદદાસ મિસ્ત્રીના વરદ હસ્તે આપવામાં આવી. ફર્સ્ટ રનર અપ ટ્રોફી "VW" ની ટીમને શ્રીમતિ પ્રતિમાબેનના વરદ હસ્તે આપવામાં આવી. શ્રીમતિ ડિમ્પલબેનના વરદ હસ્તે PPP-2015ની ટ્રોફી વિજેતા ટીમ "PC"ને આપવામાં આવી. ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણમાં સર્વે રમતવીરોને સ્મૃતિભેટ આપી હતી.

બેસ્ટ બોલર મેડલ-ચિત્રાંગ મયંકકુમાર મિસ્ત્રી
બેસ્ટ બેટસમેન-કૌશલ પ્રમોદચંદ્ર મિસ્ત્રી
મેન ઓફ ધ સીરીઝ મેડલ- જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી

આજના પ્રસંગે આ આયોજન ને સફળ બનાવવા આર્થિક સહાય કરી હતી.....

૫૦૦૦ શ્રી કૌશલ પ્રમોદચંદ્ર મિસ્ત્રી
૫૦૦૦ શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી
૫૦૦૦ શ્રી નિલેશ રજનીકાંત પંચોલી
૫૦૦૦ ચિ. હર્ષ-ચિ નકુલ ભાવિક કાપડિયા

| | |
|---|---|
| ૩૫૦૦ | શ્રી કેતન પ્રદિપભાઇ પંચોલી |
| ૩૦૦૦ | કુ. કશવી અનુ કુ. ઇશિકા રાહુલ મિસ્ત્રી |
| ૩૦૦૦ | શ્રી રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી |
| ૨૦૦૦ | નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી |
| ૨૦૦૦ | શ્રી ચંદ્રેશ નગીનલાલ મહેતા |
| ૨૦૦૦ | શ્રી અનિષ અમૃતલાલ પંચોલી |
| ૨૦૦૦ | શ્રી કલ્પેશ ઉમેશભાઇ મિસ્ત્રી |
| ૧૫૫૫ | શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી |
| ૧૫૦૦ | શ્રી વિશાલ કમલ કાપડિયા |
| ૧૫૦૦ | શ્રી પ્રતિક કમલેશ પંચોલી |
| ૧૦૦૦ | શ્રી સંજય જયંતિલાલ મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી મયુર જગદીશભાઇ મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી નયન નવીનચંદ્ર મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી હિરલ સુરેશભાઇ મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી જીતેન્દ્ર ઉમેશભાઇ મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી |
| ૧૦૦૦ | કુ. ધર્મી ચેતનભાઇ કાપડિયા |
| ૧૦૦૦ | શ્રી નિશાંત મયંકકુમાર મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી સંદિપ પ્રમોદભાઇ મિસ્ત્રી |
| ૧૦૦૦ | ડો. ભૂપેન્દ્ર ચુનીલાલ મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી મુકેશ હરીન્દ્રભાઇ ઝવેરી |
| ૧૦૦૦ | શ્રી રોકશ નવીનચંદ્ર મિસ્ત્રી |
| ૧૦૦૦ | શ્રી પ્રિતેશ પ્રવિણભાઇ જરીવાલા |
| ૧૦૦૦ | કુ. વૈશાખી કુમારેશ મિસ્ત્રી |
| ૫૦૦ | શ્રી મિનેષ સુરેશભાઇ મિસ્ત્રી |
| ૫૦૦ | શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી |
| ૨૦૦ | શ્રી બીજલ નરેશભાઇ મિસ્ત્રી |
| ૧૦૦ | શ્રી કરણ જતીનભાઇ પંચોલી |

આવિષ્કાર ગ્રુપના મંત્રી શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ આભારવિધિ કરી હતી. આ સમગૂ કાર્યક્રમની સફળતાનો શ્રેય આવિષ્કાર ગ્રુપના કારોબારી સભ્યોને ફાળે જાય છે..કે જેમણે ખૂબ મહેનત કરી પૂર્વ તૈયારી કરી હતી. તથા નીચે મુજબના સર્વેના અમો આભારી છીએ..

♦ આ પ્રસંગે ફાળો નોંધાવનાર દાતા અને તેમના પરિવારજનોના..

♦ શ્રી ચેતનભાઇ અને ભાવિકભાઇ કાપડિયાનો.. કે જેમણે મેદાનમાં આખો દિવસ પાણીની વ્યવસ્થા, જમણવાર તથા રમતવીરોની સેવા માટે...

♦ શ્રી કમલભાઇ કાપડિયાનો.. જેમણે બેનર અને વિવિધ સામગ્રી ઉપલબ્ધ કરાવવા બદલ..

♦ મેચના આયોજન માટે શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રીના..

સુંદર ફોટોગ્રાફી કરી આપવા બદલ શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધીના...

♦ સવાર-સાંજની ચા ઉપલબ્ધ કરી આપવા બદલ શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રીના...

♦ સ્કોરર તરીકે સેવા આપનાર શ્રી વિજયભાઇ પંચોલીના..

♦ સુંદર કોમેન્ટ્રી અને દર્શકોને મનોરંજન પુરુ પાડનાર.. કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી, કલ્પેશ ઉમેશચંદ્ર મિસ્ત્રી, નયન નવિનચંદ્ર મિસ્ત્રી, કેતન પ્રદિપભાઇ મિસ્ત્રીના...

♦ એમ્પાયરીંગ કરી આપવા બદલ વિવિધ સભ્યોના...

♦ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેન ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કરવા બદલ...

♦ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ ઝવેરીનો કે જેમણે રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે તથા સ્વિટ્સ અને ચોકલેટ લાવવા બદલ..

♦ મેદાનની અનુમતિ આપનાર પ્રમોદ સાવંતના.. જયશ્રી કેટરર્સ તેમજ સાઉન્ડ સીસ્ટમ માટે કમલેશ જૈનના...

♦ ઉપસ્થિત રહી મેચને રોચક બનાવનાર દર્શકોના... અને અંતમાં આવિસ્કાર ગ્રુપના કારોબારી સભ્યોના....

આ કાર્યક્રમમાં ૧૨૦ સભ્યોએ હાજરી આપી હતી. સાંજે ૫ કલાકે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. આવો કાર્યક્રમ ફરી થાય એવી ઇચ્છા વ્યકત કરી સૌ છુટા પડયા હતાં.

**Saadi.Com**



નામ : **ધવલ-૯૭૭૪૫૪૬૫૫૫**
પિતા : રમેશચંદ્ર મગનલાલ ગજ્જર-૯૭૧૪૨ ૪૦૦૪૨
માતા : કોકીલાબેન
જન્મ : ૧૮.૧.૧૯૮૫(સુરત) બપોરે : ૨ :૦૫
ઉંચાઇ : ૫'૮'' ફુટ વજન : ૫૮
અભ્યાસ : B.Com.,M.B.A.
સર્વિસ : ગર્વમેન્ટ જોબ,LIC(Developer Officer(DO)
ભાઇ : એક -મેરીડ
સરનામું : ૩૦૧, પાર્શ્વનાથ કોમ્પલેક્ષ, સહસ્ત્રફણા જૈન મંદિરની ગલીમાં, સુભાષચોક, ગોપીપુરા, સુરત
જન્માક્ષરમાં માનતા નથી-મંગળ-શની નથી

# પરિવર્તન.... સનાતન સત્ય

પરિવર્તન એ સંસારનો નિયમ છે.. અને સમયાનુસાર એને જીવનમાં ઉતારવો જ પડે છે... માનવો જ પડે છે....

નવયુગના અંકમાં સુરતના હેમંત મિસ્ત્રીનો પરિવર્તન વિશેનો લેખ વાંચ્યો.. એમણે જણાવેલ વાતો પર ભાર આપી વિચારવા લાયક છે..અને આ બાબત પર કંઇક વિચારીશું નહીં તો જુની ઘરેડમાં જ આપણે ચાલતા હોઇએ એવું નથી લાગતું...

વર્ષો પૂર્વે મહામંડળનું અધિવેશન હતું.. ત્યારે સમાજના એક અગ્રગણ્ય વ્યકિતના સુપુત્રે આંતરજ્ઞાતિય લગ્ન કર્યા હતા. તેઓ અધિવેશનમાં સજોડે આવ્યા હતા ત્યારે મારી નજર સામે જ એને કહેવામાં આવ્યું હતું કે તું આવી શકે તારી પત્ની નહીં... ત્યારે તેઓ બનને જણા તુરત અધિવેશન છોડી જતા રહ્યા હતાં.. ત્યારે એના માતા-પિતાની શું સ્થિતિ થઇ હશે ? એમનું અંતર કેટલું દુભાયુ હશે... એતો એમને જ ખબર હશે..

અને થોડું જ પરિવર્તન આવ્યું... અને તે પણ સંકુચિત પરિવર્તન.. આંતરજ્ઞાતિય લગ્ન કરેલ પુત્ર-પુત્રવધુને સ્વીકાર્યા અને દિકરી - જમાઇને નહીં.... આવું કેમ ? દિકરી વ્હાલનો દરિયો... દરિયો કોઇ દિવસ સુકાય નહીં... પરંતુ આપણાં સંકુચિત મનનો દરિયો સુકાય ગયો.. ઘણી ચર્ચાઓ થઇ... ઘણા પ્રશ્નો ઉઠયા.. પણ આપણે ઠેરના ઠેર...

હાઇટેકનોલોજીના જમાનામાં ૨૧મી સદીમાં પદાર્પણ કરનાર નાનકડો.. મૂઠી જેટલો આપણો પંચોલી સમાજ માટે હવે વિચારવાની વેળા આવી ગઇ છે... પરિવર્તની પાંખે ઉડવાની તક આવી ગઇ છે... તો આપણે જયારે દિકરો અને દિકરીને સમાન ગણીએ છીએ ત્યારે આ વાતમાં કેમ નહીં ? આંતરજ્ઞાતિમાં પરણાવેલ પુત્રીના માતા-પિતા પણ વિચારતા હશે કે સમાજ પુત્રીને સ્વીકારે.. પરંતુ એ બાબત અંગે રજુઆત ન કરી શકતા હોય.. આ આ ટોપીક વારંવાર ચર્ચાની એરણે પણ ચડયો જ છે.. પરંતું નિર્ણય શૂન્ય..

તો ચાલો સમાજના દરેક વ્યકિત ભેગા મળી... આંતરજ્ઞાતિય લગ્ન કરેલ દિકરીના માતા-પિતા સૌ ભેગા મળી આ બાબતમાં.. ચર્ચા કરી પરિવર્તન લાવી શકીએ... કહેવાય છે કે લગ્ન અને મરણ તો પહેલેથી જ નકકી હોય છે.. પરંતુ આપણે એના નિમિત્ત માત્ર બની ઉજવીએ છીએ માણીએ છીએ... તો પછી દીકરી માટે પૂર્વગ્રહ શા માટે ????

અનુરાધા મનુભાઇ મિસ્ત્રી
અંકલેશ્વર

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૫ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી-વિદ્યાર્થીની ઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

❖ S.S.C. માં **૮૦%** (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૭૦%** (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ...

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓ એ પોતાના <u>પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ</u> વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમ માં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની <u>માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......</u>

**❖ કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૫ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ :
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ, ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર છગનલાલ પંચોલી બિલીમોરા શ્રી જનકભાઇ ત્રીભોવનદાસ પંચોલી બિલીમોરા

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ની**

# સામાન્ય સભા

**૨૬.૭.૨૦૧૫**ના રોજ **સવારે ૧૦.૦૦** કલાકે વડોદરા મુકામે યોજવામાં આવશે.

**સ્થળ : શ્રી સર્વાનંદ હોલ**

નવનીતપાર્ક સોસાયટીના નાકે, વારસીયા રીંગરોડ, વડોદરા.

દરેક એકમના, દરેક મહિલા મંડળના, દરેક સ્વયં ગ્રુપ કે યુવા ગ્રુપના હોદ્દેદારોએ સમયસર હાજર રહેવા વિનંતી.

આપના એકમમાંથી કેટલી વ્યકિત હાજર રહેનાર છે તે **તા. ૨૦.૦૭.૨૦૧૫** સુધીમાં

**મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઈ પંચોલી-૯૪૨૮૭ ૨૧૫૬૭ સહમંત્રીશ્રી દેવાંગભાઈ પંચોલી-૯૮૨૫૭ ૦૫૮૯ ને જાણ કરવી.....**

**નીચે મુજબના મુદ્દાઓ પર આપણે ચર્ચા-વિચારણા કરીશું....**

૧ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી

૨ વિઝન ૨૦૨૫ અંગેની ચર્ચા (ચિંતન શિબિર)

- યુવાનોને સમાજની સાથે સાંકળવા...
- સ્વર્ણિમ ફંડને મજબુત બનાવવા..
- ક્રિકેટ ટુર્નામેન્ટ તથા મહામંડળના નેજા હેઠળ થતા કાર્યક્રમો બાબત..
- વિધવા બહેનોને આર્થિક રીતે પગભર કરવા બાબત..
- સમાજ સુરક્ષા યોજના અંગે ચર્ચા
- મહિલાઓને પ્રોત્સાહિત કરવા બાબત..
- અધિવેશન અંગે ચર્ચા...
- વિવિધ એકમોની સક્રિયતા પર ભાર મૂકવો...
- શિક્ષણ વ્યસન મુકિત પર ભાર મુકવો..
- અન્ય મુદ્દાઓ...

૩ ગત. તા. ૨૪.૮.૨૦૧૪ના રોજ નવસારી મુકામે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધને વાંચનમાં લઇ બહાલી આપવા બાબત

૪ મહામંડળ તથા તેની સંલગ્ન સંસ્થાના ઓડિટ થયેલ સને ૨૦૧૪-૨૦૧૫ના હિસાબો મંજુર કરવા બાબત..

૫ શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચના એજન્ડાઓ...

- સમાજ સુરક્ષા યોજના બાબતે માત્ર સમાજ સુરક્ષા યોજનાના સભ્યની એક અલગ મિટિંગ બોલાવવી તથા તેમાં યોજના બાબતે પડતર પ્રશ્નો અને જરૂરીઆત જણાય ત્યાં નિયમો બાબતે સ્પષ્ટતા કરવા બાબત...
- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના બંધારણની નકલ વેબસાઇટ પર પ્રકાશિત કરવા બાબતે ઉનાઇ સામાન્ય સભામાં થયેલ ઠરાવના અમલ બાબત..
- શ્રી પંચોલી નવયુગને વધુ દળદાર તથા વહેચાણની સમસ્યા બાબતે દ્વિમાસિક કરી શકાય...

૬ ટ્રસ્ટીની નિમણૂંક બાબત..

૭ નવા હોદ્દેદારોની વરણી

૮ પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામો....

**ચિંતન શિબિર અંગે આપના અભિપ્રાય કે સૂચનો આપવા માંગતા હોય તો મહામંત્રીશ્રીને મોકલવા વિનંતી... આપના અભિપ્રાયો અને સૂચનો આવકાર્ય છે...**

નવયુગ શુભચિંતક સ્વ. જયંતભાઈ અમૃતલાલ પંચોલી અમદાવાદ શ્રી ચંદુલાલ નરોત્તમદાસ મિસ્ત્રી અમદાવાદ

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી નવસારી જ્ઞાતિ પંચ



શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ અને શ્રી ઉત્તમરામ ભાણાભાઇ મિસ્ત્રી વિલ ટ્રસ્ટની સામાન્ય સભા અને વર્ષ ૨૦૧૪-૧૫માં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને નોટબુક અને રોકડ રકમનું વિતરણ તા. ૭.૬.૨૦૧૫ને રવિવારે શ્રી નવસારી મોઢ ઘાંચી પંચની વાડીમાં રાખવામાં આવી હતી.

સામાન્ય સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ગત વર્ષે દેવલોક પામેલા સભ્યોને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી.

આજના મુખ્ય અતિથિ સુરત એકમના સભ્ય અને સમાજના અગ્રણી એવા શ્રીમતિ રેખાબેન નિશિકાંતભાઇ મિસ્ત્રીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. શ્રીમતિ રેખાબેને વિદ્યાર્થીઓની કારકીર્દીના ઘડતર માટે ઘો. ૧૨ પછી શું ? કઇ લાઇનમાં જવું ? શું કરવું ? સમાજની વિદ્યાર્થીની દીકરીઓને સરકાર તરફથી મળતી સ્કોલરશીપ વિશે વિશેષ માહિતી આપી. સમાજના વિદ્યાર્થીઓના માર્ગદર્શક બન્યા... પ્રમુખશ્રી દિપકભાઇએ શ્રીમતિ રેખાબેનનો આભાર માની સ્મૃતિભેટ અર્પણ કરી હતી..

વર્ષ ૨૦૧૪-૧૫માં ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓને નોટબુક અને રોકડ સહાયનું વિતરણ સમાજના વડિલ અને ટ્રસ્ટીશ્રી શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી, શ્રી શાંતિલાલ મણીભાઇ મિસ્ત્રી અને શ્રી જયંતિભાઇ ગણપતરામ પંચોલીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

| ધોરણ | નામ | ટકા |
|---|---|---|
| પ્લે ગ્રુપ | જેનિલ જીજ્ઞેશકુમાર ભરતવાલા | |
| નર્સરી | રીતુ વિપુલકુમાર પંચોલી | |
| જુ.કેજી. | દુર્વા સુકેતુકુમાર પંચોલી | એ |
| સી.કેજી | ઉર્વી હિતેશભાઇ મિસ્ત્રી | એ+ |
| | નિલ જતિનભાઇ મહેતા | એ+ |
| | હિર દિપેશભાઇ પંચોલી | એ+ |
| ૧ | જાન્વી કૌશિકભાઇ મિસ્ત્રી | એ |
| | મુદ્રા નિકુંજભાઇ મિસ્ત્રી | ૯૧.૬૦ |
| | રૂષભ કલ્પેશભાઇ પંચોલી | ૯૪.૨૦ |
| | નેત્રા સુકેતુભાઇ પંચોલી | એ-૨ |
| ૨ | દિશા હિતેશભાઇ મિસ્ત્રી | ૮૫ |
| | મહેક વિજયભાઇ મિસ્ત્રી | બી |
| ૩ | દર્શિત અનિશકુમાર પંચોલી | સી-૧ |
| | ક્રિષા કિરણભાઇ પંચોલી | ૮૧ |
| ૪ | ધ્રુવી અનિશકુમાર પંચોલી | સી-૧ |
| | વૃત્તિ શીતલભાઇ પંચોલી | ૮૬.૭૧ |
| | રૂદ્ર પ્રણવકુમાર પંચોલી | એ |
| ૫ | કબીર મનિષભાઇ પંચોલી | ૯૪ |
| ૬ | ઇસાન તરંગકુમાર મિસ્ત્રી | ૯૩.૬૬ |
| | નૈન્સી મિતેષભાઇ પંચોલી | ૬૭.૬૩ |
| | પ્રાચી કલ્પેશભાઇ પંચોલી | બી |
| ૭ | ભૂમિ હેમંતભાઇ મહેતા | ૬૧.૩૩ |
| | જૈમિન પિયુષભાઇ પંચોલી | ૯૯.૩૩ |
| | વાસુદેવ કૌશિકભાઇ મિસ્ત્રી | ૬૭ |
| ૮ | કુશલ કલ્પેશભાઇ પંચોલી | |
| | ઝીનલ નિલેશભાઇ મિસ્ત્રી | ૯૧ |
| | ભાવી તરંગકુમાર મિસ્ત્રી | ૯૧.૫ |
| | અવની આનંદકુમાર પંચોલી | ૮૧.૬૩ |
| | દીયા સમીરભાઇ પંચોલી | ૭૫.૭૫ |
| | મૈત્રી દિનેશભાઇ પંચોલી | ૭૭ |
| ૯ | દ્રષ્ટિ કિરણકુમાર પંચોલી | ૬૦.૮૬ |
| | સ્વરા કમલેશભાઇ પંચોલી | ૭૭.૪૨ |
| ૧૦ | ચિરાગ દિપકભાઇ પંચોલી | ૪૯.૮૬ |
| ૧૨ | પલક નિલેશભાઇ મિસ્ત્રી | ૭૮.૫૩ |
| | હર્ષિલ દિપકભાઇ પંચોલી | |

આજના પોગ્રામમાં ફન ગેમ રમાડવામાં આવી જેમાં સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

શ્રી ઉત્તમરામ ભાણાભાઇ વીલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી અને શ્રી આનંદભાઇ જયંતિલાલ પંચોલીએ રાજીનામું આપ્યું હતું તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું અને તેની જગ્યાએ ટ્રસ્ટી તરીકે શ્રી જીતેન્દ્રભાઇ બળવંતરાય મિસ્ત્રી અને શ્રી જતીનભાઇ વિક્રમભાઇ મહેતાની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

નવસારી એકમનું મહિલા મંડળ સુસુપ્ત અવસ્થામાં હતું એને સક્રિય કરવા માટે શ્રી દિપકભાઇએ પહેલ કરી હતી. અને સક્રિય કરવા શું કરવું જોઇએ ? એ જણાવી ઉત્સાહી મહિલાઓને આગળ આવવા જણાવ્યું હતું. શ્રીમતિ પ્રીતિબેન પંચોલીએમહિલા મંડળને જાગૃત કરવા વિશે માહિતી આપી હતી અને મહિલાઓએ આ બાબતમાં પ્રયત્ન કરવા જોઇએ..એમ

નવયુગ શુભચિંતક સ્વ. રમેશચંદ્ર વિઠ્ઠલભાઇ પંચોલી અમદાવાદ શ્રી રમેશભાઇ વલ્લભભાઇ મપારા અમદાવાદ

જણાવ્યું હતું. આજની સભામાં નીચે મુજબ દાન મળ્યું હતું.

૨૫૧ શ્રી સમીરભાઇ જયંતિલાલ પંચોલી

૫૦૦ શ્રી પ્રણવકુમાર મુકુંદચંદ્ર પંચોલી

૫૦૧ શ્રી નવિનચંદ્ર મિસ્ત્રી(ખડસુપા નિવાસી) તરફથી સ્વ. કલ્પનાબેન નવિનચંદ્ર મિસ્ત્રીના સ્મરણાર્થે...

સહમંત્રી શ્રી દિપેશભાઇ પંચોલીએ હાજર રહેલ તમામનો આભાર માની સામાન્ય સભાને બરખાસ્ત જાહેર કરવામાં આવી ત્યારબાદ સમૂહ ભોજનનો આનંદ લઇ છુટા પડયા..

### શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની વાર્ષિક સામાન્ય સભા તથા બચત યોજના ગીફ્ટ વિતરણનો કાર્યક્રમ તા. ૮.૬.૨૦૧૫ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રવણ વિદ્યાભવન ખાતે રાખવામાં આવી હતી. સૌને કેન્ડીના સ્વાદથી આવકાર્યા.

પ્રથમ ૩.૩૦ કલાકે અબાલ-વૃદ્ધ માટે ડ્રોઇંગ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ત્રણ વિભાગ રાખવામાં આવ્યા હતા.. ચિત્ર સ્પર્ધાના નિર્ણાયક ની સેવા શ્રી ચેતનભાઇ વી. પંચોલી એ આપી હતી. તથા એકમના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ બચત યોજનાના સભ્યોને પોતાની મનપસંદ ભેટો આપી હતી... ૫.૦૦ કલાકે વાર્ષિક સામાન્ય સભા કમ મનોરંજન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો... કાર્યક્રમનું સંચાલન દિનેશ મિસ્ત્રીએ કર્યુ...

અંકલેશ્વર એકમના પ્રમુખશ્રી જેસલભાઇ મનુભાઇ મિસ્ત્રી, મંત્રી શ્રી ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી, અંકલેશ્વર મહિલા મંડળના પ્રમુખ માનનીય અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી, મંત્રી શ્રીમતિ મીનાબેન છગનભાઇ મિસ્ત્રી, બચત યોજનાના અધ્યક્ષ ડો. મહેશભાઇ મિસ્ત્રીને ડાયસ પર બિરાજવા વિનંતી કરતા સૌએ પોતાનું સ્થાન શોભાવ્યું.

કુ. શૈલી-કુ. નિષ્ઠા જેસલ મિસ્ત્રીની પ્રાર્થનાથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી. પ્રમુખશ્રી જેસલભાઇએ સ્વાગત પ્રવચન કરી સૌ જ્ઞાતિજનોને આવકાર્યા. મહિલા મંડળના પ્રમુખ માનનીય અનુરાધાબેને પોતાનુ વકતવ્ય રજુ કરતા દરેક મહિલાઓને જીવનમાં આગળ આવવા અનુરોધ કર્યો હતો. તેમન મહિલા મંડળના દરેક કાર્યક્રમમાં સાથ આપનારનો આભાર વ્યકત કર્યો હતો.

મંત્રીશ્રી ડો. વિસ્મય મિસ્ત્રીએ વર્ષ દરમ્યાન કરેલ કાર્યોની ગતિવિધિ કરી હતી. ડો. મહેશભાઇ મિસ્ત્રીએ વર્ષ ૨૦૧૪-૧૫ના હિસાબો તથા બચત યોજનાના હિસાબો વંચાણે લીધા હતા. સર્વાનુમતે બન્ને હિસાબોને મંજુર કરવામાં આવ્યા હતા.

જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરનાર શ્રી મગનભાઇ છગનભાઇ પંચોલીનું તથા લગ્ન જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરનાર શ્રીમતિ પ્રકાશવંતી અને શ્રી દિલીપભાઇ જે. પંચોલીનું ગીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું. પ્રભુતામાં પગલા પાડનાર શ્રીમતિ જાગૃતિ અને શ્રી સંજયકુમાર પંચોલીનું પણ સન્માન કરવામાં આવ્યું.

કુ. શૈલી અનુે જેશલભાઇે એ સુંદર ગીત રજુ કર્યુ હતું.. કુ. વૈષ્ણવી-તસ્મય અને પ્રયાગે ફિલ્મીગીત રજુ કર્યુ હતું. નેહા હિતેશભાઇ મિસ્ત્રીએ સુંદર ડાન્સ રજુ કર્યો હતો. ત્યારબાદ 'ભગવાન બધે જ છે' સુંદર નાટક જેસલ મિસ્ત્રી, કેતકી મિસ્ત્રી, શૈલી મિસ્ત્રી-નિષ્ઠા મિસ્ત્રી, સ્નેહા મિસ્ત્રી, ઉત્સવ મિસ્ત્રી, વૃશાલી મહેતા, હિરલ મહેતાએ રજુ કર્યુ હતું...

શ્રીમતિ નીપા મિસ્ત્રી - ખુશ્બુ મિસ્ત્રીએ ફન ગેમ રમાડી હતી.. ડો. મહેશભાઇ મિસ્ત્રીએ સુંદર દ્રષ્ટાંત સહિત જીવનમાં કરવા જેવા કાર્યો અંગે રજુઆત કરી હતી...

આજનું દાન :

રૂા. ૩૧૦૦/- સ્વ. ધીરજબેન અને સ્વ. મોહનભાઇ વલ્લભભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે ડો. મહેશભાઇ મિસ્ત્રી પરિવાર તરફથી નોટબુક વિતરણ માટે.

રૂા. ૨૦૦૧/- સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલીના સ્મરણાર્થે તેજસ્વી તારલા ઇનામ વિતરણ માટે એમના પરિવાર જનો તરફથી...

૧૦૦૦ માનનીય મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી નોટબુક વિતરણ..

૨૫૧ સ્વ. મહેશભાઇ ઠાકોરભાઇ પંચોલીના સ્મરણાર્થે પરિવાર જનો તરફથી-સુરત

૧૦૦ શ્રી હેમલ શાંતિલાલ મિસ્ત્રી

૧૦૧ શ્રી જયેન્દ્રભાઇ આઇ. પંચોલી-ભરૂચ

૨૦૦ શ્રી યોગેશભાઇ ભગવાનદાસ મિસ્ત્રી-સુરત

૧૦૧ શ્રીમતિ રીટાબેન કૃષ્ણકાંત પંચોલી-મુંબઇ

૧૦૧ શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી-બીલીમોરા

૧૫૧ શ્રીમતિ ઉષાબેન જયંતિભાઇ મિસ્ત્રી-નવસારી

૨૦૦ શ્રી ચંદુભાઇ હરગોવિંદદાસ પંચોલી

૧૦૦ શ્રી ધવલકુમાર રાજેન્દ્રભાઇ મિસ્ત્રી

૨૦૦ શ્રી બાબુભાઇ હરગોવિંદદાસ પંચોલી

૧૦૦ શ્રી પરેશભાઇ મગનભાઇ પંચોલી

૨૫૦ શ્રી દિલીપભાઇ જે. પંચોલી-ભરૂચ તરફથી ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.

૨૫૦ શ્રી દિલીપભાઇ જે પંચોલી -ભરૂચ

રૂા. અંતમાં ડો. વિસ્મય મિસ્ત્રીની આભારવિધિ બાદ સામાન્યસભા બરખાસ્ત કરવામાં આવી હતી... સૌએ સ્વરૂચી ભોજનનો આનંદ લઇ છુટા પડયા હતાં...

નવયુગ શુભચિંતક શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી જબુગામ શ્રી વિઠ્ઠલદાસ મોહનલાલ પંચોલી જબુગામ

# સંસ્થા સમાચાર......

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૫.૬.૨૦૧૫ના રોજ બેલાબેન શૈલેષભાઇ પંચોલીના નિવાસસ્થાને થઇ હતી. જેમાં કુલ ૩૩ બહેનો હાજર રહી હતી. મિટિંગની શુભ શરૂઆત બેલાબેનની શ્રીજી સ્તવનથી કરવામાં આવી. લકી ડ્રોમાં પ્રથમ હર્ષાબેન અને દ્વિતીય નીતાબેન એચ. લકી બન્યા. મેંગો જ્યુસથી બેલાબેને સૌનું સ્વાગત કર્યુ.

વડોદરાના કાર્યકર સ્વ. નરેન્દ્રભાઇ, પુરુષોત્તમભાઇ નામી અનામી સદગત આત્માની શાંતિ અર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી. શ્રીમતિ શીલાબેને ગત મિટિંગનું વાંચન કર્યુ. બેલાબેને મે મહિનાના નવયુગના મેઇન પોઇન્ટસ વાંચ્યા.

આજના પ્રોજેક્ટમાં જુના ફિલ્મીગીત-કવીઝનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૬ બહેનોએ ભાગ લીધો. જેમાં સુરેખાબેન તથા દ્વિતીય હર્ષાબેન વિજેતા બન્યા. ચમ્ચી-બોલ ગેમ રમ્યા જેમાં નીતાબેન એચ પ્રથમ અને સુરેખાબેન દ્વિતીય વિજેતા બન્યા. વિજેતા બેનોને બેલાબેને ઇનામોથી નવાજ્યા.

પ્રીતિબેને કલેસ્ટરોલ ને કાબુમાં રાખવા માટે ટીપ્સ આપી.. કે.. (૧) પીપળાના કૂણાપાન ચાવીને ખાવા (૨)અળસીને મુખવાસમાં સ્થાન આપવું (૩)લીલા મરી બે ગ્રામ ચાવીને ખાવા... શીલાબેને કેલ્શીયમ માટે ટીપ્સ આપતા કહ્યું કે મીઠા લીમડાના પાનનો રોજીદા ખાવામાં વધુમાં વધુ ઉપયોગ કરવાથી કેલ્શ્યમ વધે છે..

પ્રીતિબેન મપારા તરફથી પુત્ર મનન ૯૬% (૧૨ સાયન્સ)માં ઉત્તિર્ણ થયો તે નિમિત્તે કેડબરીઝ ચોકલેટ તથા બેલાબેનના ઘરે લક્ષ્મીજી પધાર્યા તે નિમિત્તે સૌને પેડાથી મો મીઠુ કરાવ્યું... સૌએ બન્નેને અભિનંદન પાઠવ્યા. અંતમાં સુંદર સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા. અગામી મિટિંગ પ્રીતિબેન પંચોલીને ત્યાં રાખવાનું નકકી કર્યુ.

બેલાબેનના સુપુત્ર ચિ. સ્મીરલને ત્યાં પુત્રીરત્નનો જન્મ થયો તે નિમિત્તે રૂા. ૧૦૦ તથા પ્રીતિબેન મપારા તરફથી પુત્ર મનન ૯૬% (૧૨ સાયન્સ)માં ઉત્તિર્ણ થયો તે નિમિત્તે રૂા. ૧૦૦ ભેટ મળ્યા.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૩૧.૦૫.૨૦૧૫ના રોજ પંચોલી વાડીમાં મિટિંગ રાખવામાં આવી જેમાં ૪૦ બહેનો હાજર રહ્યાં હતાં. મિટિંગની શરૂઆત રીટાબેનની પ્રાર્થનાથી કરવામાં આવી. બાળકોના પીરણામ આવ્યા હોય ઉત્તિર્ણ થયેલ બાળકોને શુભેચ્છાઓ પાઠવી.બર્થ ડે-એનીવર્સરી વીશ કરી. ગીતાબેને પ્રાસંગિક પ્રવચન કરી સૌને આવકાર્યા. જુન માસમાં વાર્ષિક મિટિંગ હોય એ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. આનંદીબેને નવયુગ કવીઝ રમાડી એના વિજેતા પ્રથમ-રીટાબેન ગાંધી અને દ્વિતીય પારૂલબેન ગાંધી થયા. આગામી મિટિંગ તા. ૨૧.૦૬.૨૦૧૫ના રોજ પંચોલી વાડીમાં રાખવાનું નકકી કરવામાં આવ્યું.

એનીવર્સરી નિમિત્તે મળેલ દાન
૧૦૧ હેમીનાબેન મિતેષભાઇ મિસ્ત્રી
૧૦૧ પદમાબેન જયંતિભાઇ પંચોલી
૧૦૧ બેલાબેન મનિષભાઇ પંચોલી
૧૦૦ દક્ષાબેન નિતિનભાઇ ગાંધી
૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી
૫૧ યોગીનીબેન જયેશભાઇ પંચોલી
૫૦ પદમાબેન હસમુખભાઇ પંચોલી
અંતમાં કેન્ડીને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-સુરત

શ્રી પંચોલી મહિલા મંડળ સુરતની મિટિંગ તા. ૬.૬.૨૦૧૫ના રોજ કિરણબેન મોરલીભાઇ ઝવેરીના નિવાસ સ્થાને રાખવામાં આવી. જેમાં ૨૦ બહેનો હાજર રહી હતી.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. નવયુગના પ્રોજેક્ટ, અધિકમાસ નિમિત્તે તુલસી પૂજા, એક દિવસીય પ્રવાસ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જુલાઇ માસમાં ભજનનું આયોજન કરવું. આપણાં સમાજની બહેનોએ જે તે ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેમનું બહુમાન કરવું, મેડીકલ કેમ્પ જેમાં સ્ત્રીરોગ નિષ્ણાંત પાસે સ્ત્રીરોગ-બેસ્ટ કેન્સર વિગેરેની માહિતી મેળવવા માટે નકકી કરવામાં આવ્યું. વન મિનિટ ગેમ રમ્યા. આ માસમાં જે બહેનની બર્થડે આવતી હોય તેમને સાડી કવર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. અંતમાં કિરણબેન તરફથી સૌને અલ્પાહાર તથા મેંગો મિલ્કશેકનો રસાસ્વાદ કરાવવામાં આવ્યો. આગામી મિટિંગ વિલાસબેન રૂવાળાને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું.. આજે નીચે મુજબ દાન મળ્યું હતું.

૩૦૧ કિરણબેન મુરલીભાઇ ઝવેરી
૧૦૧ નેહાબેન હર્ષદભાઇ રૂવાલા
૫૦ મંજુબેન પ્રવિણભાઇ આરીવાલા

અંતમાં સુંદર અલ્પાહાર અને મિટિંગનું આયોજન કરવા બદલ કિરણબેનનો આભાર વ્યકત કરી સૌ છૂટા પડયા.

નવયુગ શુભચિંતક શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી વ્યારા શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી વ્યારા

### પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૩.૬.૨૦૧૫ના રોજ નીપાબેન મૌલિકભાઈના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી હતી. સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ મંત્રી મીનાબેન છગનભાઈએ વાંચી સંભળાવ્યો. આજ રોજ દાંત ચેકીગ અને માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું પ્રથમ ડો. વિસ્મયભાઈ મિસ્ત્રીને પુષ્પગુચ્છ આપી આવકાર્યા. ત્યારબાદ ડો. વિસ્મયભાઈએ દાતની ચકાસણી કરી સૌને માર્ગદર્શન પુરું પાડ્યું. ફરતી લાયબ્રેરીની બુકો લઈને બીજી આપી. નવયુગના પોઈટવાંચવામાં આવ્યા. અંકલેશ્વર એકમનો વાર્ષિક પોગ્રામના દિવસે ડ્રોઈંગ કોમ્પીટીશન રાખવામાં આવી હતી.

અધિકમાસ નિમિત્તે પ્રદક્ષિણાનું મહત્વ દક્ષાબેન મિસ્ત્રીએ સમજાવયું. વન મિનિટ ગેમ રમ્યા. જેમાં પ્રથમ નીપાબેન મૌલિકભાઈ મિસ્ત્રી અને દ્વિતીય જ્યોત્સનાબેન બાબુભાઈ પંચોલી વિજેતા થયાં. આ માસમાં આવતી બર્થડેમાં સોનલ નિલેશભાઈ, સોનલ મનોજભાઈને ગીફટ આપી બર્થડેની શુભેચ્છાઓ પાઠવી. વિજેતા બહેનોને ઈનામથી નવાજ્યા. આવતી મિટિંગ દેવયાનીબેન નિલેશભાઈ મહેતાને ત્યાં અધિક માસ નિમિત્તે ભજન સ્પર્ધા રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં અલ્પાહાર અને શરબતને ન્યાય આપી મિટીંગ અને અલ્પાહારના સુંદર આયોજન બદલ નીપાબેનનો આભાર વ્યકત કરી છુટા પડયા.

## અભિનંદન



બારડોલી નિવાસી જેસલભાઈ નરેન્દ્રભાઈ મિસ્ત્રીનો સુપુત્ર ચિ. ઓમ ધો. ૫માં 'એ' ગ્રેડ મેળવી ઉત્તિર્ણ થયા..



ઉમરવા(હાલ કિલ્લા - પારડી) નિવાસી શ્રી અનિલભાઈ જગદીશભાઈ પંચોલીની સુપુત્રી ચિ. પ્રેયાંશી ધો. ૧૨(કોમર્સ)માં ૯૮.૨૧ પરસનટાઈલ મેળવી સ્કૂલમાં પ્રથમ આવી સ્કુલ તથા પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.. અભિનંદન

## શતમ્ જીવમ શરદઃ



અમદાવાદ નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી પ્રમુખ તથા જાણીતા ચિત્રકાર જયેન્દ્ર નટવરલાલ પંચોલી તા. ૧૭.૦૫.૨૦૧૫ ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરે છે...

સમગ્ર પંચોલી સમાજ એમનું શેષ જીવન નિરોગીમય અને આનંદમય રહે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

## દેવના દિધેલ



વડોદરા નિવાસી શ્રી સ્મીરલ શૈલેષભાઈ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ. ઈશા'નો જન્મ તા. ૨૦.૪.૨૦૧૫ના રોજ થયો...

માતા : રચનાબેન

## એકવાર જાવુ હરીના ધામમાં

બિલીમોરા(હાલ અમદાવાદ) નિવાસી ગં.સ્વ. હરીબેન હિરાલાલ મિસ્ત્રી તા. ૨૩.૦૬.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા..

### શ્રી પંચોલી સમાજ-વડોદરા

રૂા. ૧૫૧/- વડોદરાના શ્રીમતિ જ્યોત્સનાબેન(દાદી) તથા શ્રી ગજેન્દ્રભાઈ મપારા (દાદા) તરફથી પૌત્ર મનન વિકાસ મપારા ધો. ૧૨ સાયન્સમાં ૯૬.૮% પરસન્ટાઈલ મેળવી ઉત્તિર્ણ થયા તેની ખુશાલીમાં મળ્યા.

રૂા. ૨૫૦/- વડોદરાના અશોકકુમાર રમણલાલ પંચોલી તરફથી બરોડા સમાજને નોટબુક ચોપડા પેટે શૈક્ષણિક ફંડમાં મળ્યા. દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

નવયુગ શુભચિંતક સ્વ. અંબેલાલ વનમાળીદાસ પંચોલી વ્યારા શ્રી હેમંતકુમાર રમણીકલાલ ગાંધી વ્યારા

## ઝરણું થઈ રહીએ...

જુની રસમ તજી દઇએ, નવા વિચાર અપનાવી લઇએ..
જીવનની પાનખરમાં, વસંતી મહેંક પસરાવી દઇએ..
 દૃશ્યમાન ફૂલોમાંથી મહેકંતી, અદ્રશ્ય મહેંક પામી લઇએ..
 જીવન સંધ્યાના આનંદ કાજ, ક્ષણે ક્ષણને માણી લઇએ..
નયન કર્ણથી જમતા રહીએ, સદ્‌વાંચન સત્સંગ કરીએ
કેન્દ્રથી પરિઘ પ્રતિ જઇ, ત્યાગ ભાવના વિકસિત કરીએ..
 જીવનની પ્રસન્નતા કાજ, શુભ કાર્યોમાં સામેલ થઇએ..
 યથાશકિત દાન દઇએ, જનસેવામાં ભળતા રહીએ...
શાંત પ્રસન્ન મન થકી, વૃદ્ધત્વ વિકસિત કરીએ...
સમાજને ઉપયોગી થવા, ઝરણું થઇ વહેતા રહીએ...

નટુભાઇ પંચોલી-જબુગામ

## જીંદગીના ઉતાર ચઢાવ....

કદીક સાગર જેવી તોફાની જીંદગી,
કદીક શાંત ઝરણાં જેવી જીંદગી,
 કદીક સંબંધોથી ઘેરાયેલી જીંદગી,
 કદીક એકલતામાં ડૂંસકા ભરતી જીંદગી,
કદીક મિલનથી મધુરતા ભરી જીંદગી,
કદીક વિરહમાં તરડણતી જીંદગી,
 કદીક ભરેલા અગ્નિ જેવી જીંદગી,
 કદીક શીતળ ઠંડક આપતી જીંદગી,
કદીક વહેતી સરિતા સમી જીંદગી,
કદીક હર કદમે ઠોકર ખાતી જીંદગી,
 કદીક કડવા ઘૂંટ પીવા મજબૂર કરતી જીંદગી
 કદીક અમૃતનાં પ્યાલા પાતી જીંદગી
અમૂલ્ય જીંદગીનાં અનેરા ઉતાર-ચઢાવ,
અનહદ પ્રેમથી વધાવતા રહીએ...જીંદગી

હરીશભાઇ સી. પંચોલી-(મુંબઇ-અંધેરી)

નવયુગ શુભચિંતક શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા શીલા ડાઈનીંગ સર્વિસ વ્યારા

# ટીપે ટીપે સરોવર ભરાય......

- રૂા. ૧૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ જ્યોત્સનાબેન (દાદી) તથા શ્રી ગજેન્દ્રભાઇ(દાદા) તરફથી પૌત્ર ચિ. મનન ધો. ૧૨ સાયન્સમાં ૯૬.૮ ઠકા મેળવી ઉત્તિર્ણ થયા તેની ખુશાલીમાં નવયુગ ભેટ
- રૂા. ૧૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ બેલાબેન(દાદી) તથા શ્રી શૈલેષભાઇ(દાદા) તરફથી પૌત્રી ઇશાની સ્મીરલ પંચોલીના જન્મ નિમિત્તે..નવયુગ ભેટ
- રૂા. ૧૦૧/- ગણદેવી નિવાસી શ્રી પ્રકાશભાઇ ગણપતભાઇ પંચોલી તરફથી પુત્રી પલકના લગ્ન નિમિત્તે
- રૂા. ૧૧૧/- બીલીમોરા નિવાસી માનનીય કાશ્મીરાબેન અરવિંદભાઇ મિસ્ત્રી તરફથી સ્વ. પરમાનંદભાઇ રામભાઇ પંચોલીના સ્મરણાર્થે નવયુગ ભેટ
- રૂા. ૧૦૧/- સુરત નિવાસી નિર્મળાબેન જીતેન્દ્રભાઇ આરીવાલા તરફથી પૌત્રી ચિ. મીરા અને દોહિત્ર ચિ. આસવ એસ.એસ.સી.માં ઉત્તિર્ણ થયા તે નિમિત્તે નવયુગ ભેટ...

### શ્રી પંચોલી સમાજ-અમદાવાદ

રામોજી ફિલ્મસીટી-હૈદરાબાદ આયોજીતલ કાર્નિવલ-૨૦૧૫,ના કાર્યક્રમ દરમ્યાન ત્રણેક હજારથી વધુ ઓડિયન્સમાં એનાઉન્સ થયું કે : તમારો અભિપ્રાય જાણવા તમારી પાસે આવીશું.. શુકનવંતા ૫ વ્યકિતઓને મળીશું.. આશ્ચર્ય વચ્ચે બીજા નંબરે અમદાવાદના શુશ્રી પ્રેમિલાબેન સાથે સાથે ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીને વ્યકતવ્ય આપવા જણાવ્યું. ચારેક મિનિટની સ્પીચ દરમ્યાન, ઓડિયન્સે તાળીઓથી વધાવી લીધા.. પંચોલી સમાજ અમદાવાદ અનેક શુભેચ્છા પાઠવવાની સાથે ગૌરવની લાગણી અનુભવે છે..

# ભાવ-પ્રતિભાવ

ચિત્રકાર જય પંચોલી
'નીરજ', ૫-હેમપ્રભુ સોસાયટી,
કાલુપુર બેંક સામે,
વાસણા, અમદાવાદ-૭.
ફોન: ૦૭૯ ૨૬૬૧૪૬૭૯
M: ૯૮૨૫૨ ૨૭૨૫૦
તા: ૨૬-૦૫-૨૦૧૫

મે-૨૦૧૫- નવયુગ નિયમિત મળે જ મળે. એનો આનંદ ક્યારેય શબ્દોમાં વ્યક્ત ન થઈ શકે, એવો અદ્ભુત હોય જ.. સતત-૫૪ વર્ષોથી નિયમિત- માહિતી સભર પ્રકાશન થવું, એ જ અદ્ભુત ઘટના ક્યાંય જ એક સિદ્ધિ લેખાય.. લેખીશું.

કેટ કેટલી ખાટી-મીઠી, તડકી-છાંયડીમાંથી પસાર થવું, મારું સદ્ભાગ્ય રહ્યું છે કે, પ્રથમ અંકથી, લાગણીસભર રીતે, જોડાવાનું મળ્યું.. હરેક તંત્રીશ્રીઓનો પ્રેમ-હૂંફ-લાગણી મળી...

સાહિત્ય-પત્રકાર જગતની અદ્ભુત- નોંધપાત્ર ઘટના છે.. આપની રાહબરીમાં, નવયુગ વધુ ને વધુ તેજસ્વિ બનતું અનુભવાય એ, એક સિદ્ધિ જ છે..

મે-૨૦૧૫.. ટાઈટલ ફોટો જ કાળઝાળ ગરમીને વ્યક્ત કરતું, સુંદર, સમજપૂર્વકનું આયોજન બની રહ્યું.. જોકે અત્યારના હાઈ-ટેક યુગમાં, જુદાં જુદાં માધ્યમો દ્વારા, માહિતીનો પ્રચુર ખજાનો હાથવેંત છે.. ખરી કસોટી ત્યાં થાય કે: એ વિશાળ મહાસાગરમાંથી જોઈતું મોતી- ચિત્ર મેળવવું, એટલે જાણે "ઘાસની ગંજીમાંથી સોય શોધવી",

લક્ષ્મીના નિષ્ઠાભર્યા શ્રમ-ચાતુર્ય થી, ટાઈટલની ગોઠવણીમાં, ભાઈશ્રી મલયભાઈ સફળ કલાકાર રહ્યા.. તેનું ગૌરવ-આનંદ હોય જ...

"તંત્રી નોંધ" પણ, દર વખતની જેમ, ઉંડાણ એથી આગળ નીકળતી અનુભવાઈ.. તમારા લાંબા અનુભવનો નિચોડ જ કહીશું..

શહેરનું મેટર, વિવિધ સંસ્થા-મંડળોનો સમાવેશ.. અતિઉત્તમ, મુદ્રણ ભૂલ વગરનું મેટર-પ્રિન્ટીંગ મનભાવન રહ્યાં..

આવા સુંદર પ્રકાશન બદલ ફરી, અનેક અભિનંદન..

— જય પંચોલી

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar - 393 002.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal. Printed at** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch. **Published** at : D-302, Subham Residency, Nr. Taluka Seva Sadan, B/h. Rajkamal Arcade, GIDC, Ankleshwar-2. **Ph. :** 02646 - 221852
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. :** 98241 71930, 98240 64282, **Email : pancholi_navyug@yahoo.com**